# અમદાવાદના વસ્ત્રાપુર, મણિનગર અને ખોખરા ખાતે આયોજિત ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહી વિઘ્નહર્તા શ્રી ગણેશ ભગવાનના દર્શન કરી સૌની સુખાકારી અને કલ્યાણ માટે પ્રાર્થના કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

**ગણેશ મહોત્સવના આયોજકો તથા સ્વયંસેવી કાર્યકરોને શુભેચ્છા પાઠવી ગણેશ મહોત્સવની ધાર્મિક તથા સાંસ્કૃતિક પરંપરાને ઉત્સાહપૂર્વક જાળવી રાખવા બદલ અભિનંદન પાઠવતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**






કમલમ્,

ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદ ખાતે વિવિધ સ્થળોએ આયોજિત ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહી વિઘ્નહર્તા શ્રી ગણેશ ભગવાનના દર્શન કરી સૌની સુખાકારી અને કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વસ્ત્રાપુર ખાતે સરદાર પટેલ સેવા દળ દ્વારા આયોજિત ૪૧મા ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહી શ્રી ગણેશ ભગવાનના દર્શન કર્યા હતા. ત્યારબાદ તેમણે મણિનગર ખાતે શિવશક્તિ યુવક મંડળ દ્વારા આયોજિત સાર્વજનિક ગણેશોત્સવ-૨૦૨૬ 'દક્ષિણી ચા રાજા'ની મુલાકાત કરી હતી. આ ઉપરાંત ખોખરા ખાતે ખોખરા યુથ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ૧૫મા ગણેશ મહોત્સવમાં પણ ઉપસ્થિત રહી તેઓએ શ્રી ગણેશ ભગવાનના દર્શન કર્યા હતા. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ગણેશ મહોત્સવના આયોજકો તથા કાર્યકરોને શુભેચ્છાઓ પાઠવી હતી અને ગણેશ મહોત્સવની ધાર્મિક તથા સાંસ્કૃતિક પરંપરાને ઉત્સાહપૂર્વક જાળવી રાખવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## ડીસાથી અંબાજી ૧૦૦ કિ.મી.ની 'પ્લાસ્ટિક મુક્ત સાઈકલ યાત્રા'નો પ્રારંભ કરતા મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી

**શ્રદ્ધા થી સ્વચ્છતાના સંદેશ સાથે મંત્રી શ્રી સાયકલ યાત્રામાં જોડાયા: મંત્રીશ્રી સાથે ૧૨૦ માઈભક્તો સાયકલયાત્રામાં જોડાયા**





કમલમ્,આનંદ ઠક્કર

રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને ડીસા થી અંબાજી સુધીની આશરે ૧૦૦ કિલોમીટર લાંબી 'પ્લાસ્ટિક મુક્ત સાઈકલ યાત્રા'નો પ્રારંભ થયો છે. ભાદરવી પૂનમ મહામેળાના પાવન અવસરે મા અંબાના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતાની પ્રેરણા આપવાના શુભ આશય સાથે આ યાત્રાનો ડીસાથી પ્રારંભ થયો છે. જનજાગૃતિના આ અભિયાનનું નેતૃત્વ કરતાં મંત્રીશ્રી પોતે ડીસાથી અંબાજી સુધી ૧૦૦ કિ.મી. સાઈકલ ચલાવીને પ્રદૂષણમુક્ત 'ગ્રીન મોબિલિટી' અને ફિટનેસ અંગે સમાજમાં પ્રેરક ઉદાહરણ પૂરું પાડવા યાત્રિકો સાથે જોડાયા છે. સાયકલ યાત્રાના પ્રસ્થાન પ્રસંગે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, "શ્રદ્ધાથી સ્વચ્છતાના સંદેશ સાથે ડીસાના સૌ સાયકલિસ્ટ મિત્રો અને માઈભક્તો મા અંબાના ધામમાં આરાધના કરવા અને આશીર્વાદ મેળવવા નીકળ્યા છે. આપણી ભક્તિ ત્યારે જ સાચા અર્થમાં સાર્થક બને જ્યારે તેમાં સ્વચ્છતા અને પ્રકૃતિ સંરક્ષણ પ્રત્યેની સામૂહિક જવાબદારી જોડાય.

" આ પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છ ભારત' અને 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને કેબિનેટ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના 'ગ્રીન એન્ડ ક્લીન ગુજરાત'ના સંકલ્પને જમીની સ્તરે સાકાર કરવાની દિશામાં એક સાર્થક કદમ છે. આ સાઈકલ યાત્રા દરમિયાન પ્લાસ્ટિકમુક્તિના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે ડીસાથી અંબાજી માર્ગ પર કાર્યરત વિવિધ સેવા અને ભક્તિ કેમ્પોમાં બાયોડિગ્રેડેબલ થેલીઓનું વિતરણ કરવામાં આવશે. કેમ્પ સંચાલકો તેમજ દર્શનાર્થે જઈ રહેલા પદયાત્રીઓને સિંગલ-યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવા, કચરાનો યોગ્ય નિકાલ કરવા અને ઈકો-ફ્રેન્ડલી વિકલ્પો અપનાવવા અંગે જાગૃત કરવામાં આવશે, જેથી યાત્રાધામ અંબાજી તરફ જતો સમગ્ર પવિત્ર માર્ગ સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત જળવાઈ રહે. ડીસાથી શરૂ થયેલા આ અનોખા જનઅભિયાનમાં મંત્રીશ્રીની સાથે આશરે ૬૦ સાઈકલ યાત્રિકો અને ૬૦ પદયાત્રિકો મળીને કુલ ૧૨૦થી વધુ માઈભક્તો જોડાયા છે.

આ પર્યાવરણલક્ષી અને સ્વાસ્થ્યવર્ધક પહેલમાં 'આઈએમએ (IMA) ગ્રુપ, ડીસા'નો પણ સક્રિય સહયોગ સાંપડ્યો છે. શ્રદ્ધા, સ્વાસ્થ્ય અને પર્યાવરણ સુરક્ષાના અનોખા સમન્વય સમાન આ યાત્રા "શ્રદ્ધા સાથે સ્વચ્છતા, યાત્રા સાથે જવાબદારી અને દરેક પગલે પર્યાવરણની કાળજી"ના સંકલ્પ સાથે અંબાના ધામ તરફ આગળ વધી રહી છે.

**ગુજરાતમાં હવે સરકારી તંત્રને મળશે AIની 'GPU પાવર'**

# AI એકશન પ્લાનના બીજા સ્તંભ Infrastructureને મજબૂત કરવા માટે રાજ્યવ્યાપી GPU-as-a-Service ફ્રેમવર્ક અમલમાં

**સરકારી વિભાગો, સંસ્થાઓ અને પસંદગીના AI સ્ટાર્ટઅપ્સને હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગની સુવિધા**




કમલમ્,ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ગવર્નન્સ અને નવીનતાને વેગ આપવા માટે વધુ એક મહત્વનું પગલું ભર્યું છે અને State-wide GPU-as-a-Service (GPUaaS) Frameworkને તાત્કાલિક અસરથી અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે.

આ વ્યવસ્થા હેઠળ સરકારી વિભાગો અને સંલગ્ન સંસ્થાઓને હાઈ-પરફોર્મન્સ GPU કમ્પ્યુટિંગ રિસોર્સિસની સામૂહિક અને કેન્દ્રિત સુવિધા ઉપલબ્ધ બનશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના નેતૃત્વ હેઠળ કરાયેલા આ નિર્ણય મુજબ રાજ્ય સરકાર AI નો ઉપયોગ માત્ર ટેક્નોલોજી સુધી મર્યાદિત ન રાખીને સુશાસન, જાહેર સેવા વિતરણ અને નવીનતામાં તેનો વ્યાપ વધારવા માગે છે. આ માટે અમલમાં મુકાયેલા AI Action Planના છ મુખ્ય સ્તંભોમાં Data, Infrastructure, Capacity Building, Foundational R&D and Use Case Development, Deeptech Startup Facilitation તથા Safe & Trusted AIનો સમાવેશ થાય છે. આ જ યોજનાના બીજા સ્તંભ એટલે કે Infrastructureને મજબૂત કરવા માટે હવે GPUaaS માળખું કાર્યરત કરાયું છે.

**એક જ પ્લેટફોર્મથી અનેક સરકારી સંસ્થાઓને AI કમ્પ્યુટિંગ શક્તિ**

આ નવા માળખા હેઠળ ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ (GIL) દ્વારા કેન્દ્રિત GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન કરવામાં આવશે. આથી અલગ-અલગ સરકારી વિભાગોને પોતાના સ્તરે મોંઘા હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની જરૂરિયાતમાં ઘટાડો થઈ શકે છે અને ઉપલબ્ધ સંસાધનોનો કેન્દ્રિત રીતે ઉપયોગ શક્ય બનશે. સરકારી વિભાગો ઉપરાંત સરકારી સંસ્થાઓ, બોર્ડ-કોર્પોરેશન, સ્વાયત્ત સંસ્થાઓ અને વિજ્ઞાન-ટેક્નોલોજી વિભાગ દ્વારા સમયાંતરે મંજૂર કરવામાં આવતી અન્ય સંસ્થાઓ પણ મંજૂર AI તથા ડેટા આધારિત ઉપયોગના કિસ્સાઓ માટે આ GPU સુવિધાનો લાભ લઈ શકશે.

**મંજૂર AI પ્રોજેક્ટને મળશે પ્રાથમિકતા**

GPU રિસોર્સિસની ફાળવણી કેન્દ્રિય વ્યવસ્થા મારફતે થશે. તેમાં ટેક્નિકલ શક્યતા, ઉપલબ્ધ સંસાધનો, મંજૂર ઉપયોગ-કેસ, જરૂરિયાતની પ્રાથમિકતા અને લાગુ પડતી સરકારી નીતિઓ જેવા માપદંડોને ધ્યાનમાં લેવામાં આવશે. GIL GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રોવિઝનિંગ, ઓપરેશન, મોનિટરિંગ અને મેનેજમેન્ટ સહિતની જવાબદારી સંભાળશે. પરિણામે AI આધારિત પ્રોજેક્ટ્સ માટે જરૂરી કમ્પ્યુટિંગ ક્ષમતાનું વ્યવસ્થિત સંચાલન થઈ શકશે.

**સરકારી વિભાગો અને છૈં સ્ટાર્ટઅપ્સ માટે ૧૦૦% સબસિડી**

આ નિર્ણયનું સૌથી મહત્વનું પાસું એ છે કે પાત્ર રાજ્ય સરકારના વિભાગો, સરકારી સંસ્થાઓ અને સરકારી શૈક્ષણિક સંસ્થાઓને GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૧૦૦ ટકા સબસિડીના ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત AI CoEમાં AI Innovation Challenge હેઠળ પસંદ થયેલા સ્ટાર્ટઅપ્સ દ્વારા AI Use Casesના production rollout માટે પણ આ સુવિધા ૧૦૦ ટકા સબસિડીના આધારે ઉપલબ્ધ રહેશે. આથી AI ક્ષેત્રમાં નવીન પ્રયોગો કરી રહેલા સરકારી તંત્ર તેમજ પસંદગીના સ્ટાર્ટઅપ્સ માટે હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગનો પ્રવેશ વધુ સરળ બનશે.

**અન્ય સ્ટાર્ટઅપ્સને પણ સુવિધા, પરંતુ ઉપલબ્ધતા આધારિત**

સરકારી વિભાગો અને પસંદગીના સ્ટાર્ટઅપ્સ ઉપરાંત અન્ય સ્ટાર્ટઅપ્સને પણ GPU સંસાધનો ઉપલબ્ધ કરાવી શકાશે. જોકે આ માટે GPU રિસોર્સિસની ઉપલબ્ધતા અને મંજૂર GPUaaS Framework હેઠળની શરતો લાગુ પડશે. આવા કિસ્સામાં વાસ્તવિક GPU સેવા ખર્ચ સાથે લાગુ પડતી GIL કન્સલ્ટન્સી ફી ચૂકવવાની રહેશે.

**GIL સંભાળશે 'એન્ડ-ટુ-એન્ડ' વ્યવસ્થા**

GPUaaS ઈકોસિસ્ટમને માત્ર કમ્પ્યુટિંગ રિસોર્સ ઉપલબ્ધ કરાવવાની પ્રક્રિયા પૂરતી સીમિત રાખવામાં આવી નથી. GILને ઓપરેશનલ, ટેક્નિકલ અને વહીવટી સંકલન, મોનિટરિંગ, નાણાકીય વ્યવસ્થાપન અને ગવર્નન્સ સપોર્ટ સહિતની એન્ડ-ટુ-એન્ડ જવાબદારી સોંપવામાં આવી છે. IndiaAI îkhk empanelled Cloud Service Provider પાસેથી લેવામાં આવતી GPU સેવાઓના વાસ્તવિક ખર્ચ પર GILને ૭ ટકા કન્સલ્ટન્સી ફી ચૂકવવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

**AI સાથે ડેટા સિક્યોરિટી અને જવાબદાર ઉપયોગ પર પણ ભાર**

AIની વધતી પહોંચ સાથે ડેટા અને સાયબર સુરક્ષાને પણ સમાન મહત્વ આપવામાં આવ્યું છે. વિભાગો અને વપરાશકર્તા સંસ્થાઓ GPU સંસાધનોનો ઉપયોગ માત્ર મંજૂર હેતુ માટે જ કરી શકશે. સાથે જ માહિતી સુરક્ષા, ડેટા પ્રાઈવસી, સાયબર સિક્યોરિટી અને Responsible Use of AI સંબંધિત લાગુ સરકારી નીતિઓનું પાલન કરવાનું રહેશે.

**માર્ગદર્શિકા અને મોનિટરિંગ માટે GILને જવાબદારી**

GPUaaSના વ્યવહારુ અમલીકરણ માટે પાત્રતા, અરજી પ્રક્રિયા, GPU ફાળવણીની પદ્ધતિ, ઓપરેશનલ ગાઈડલાઈન્સ, ચાર્જિંગ મેથાડોલોજી અને મોનિટરિંગ ફ્રેમવર્ક સહિતની વિગતવાર માર્ગદર્શિકા GIL દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની મંજૂરીથી સમયાંતરે બહાર પાડવામાં આવશે. આથી રાજ્યમાં AI માટેની GPU ક્ષમતાનો ઉપયોગ એકસમાન, વ્યવસ્થિત અને નીતિબદ્ધ રીતે થાય તે માટેનું માળખું પણ તૈયાર થશે.

**AI આધારિત ગવર્નન્સને મળશે નવી ગતિ**

ગુજરાત સરકારના AI Action Planમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મહત્વના છ સ્તંભોમાં સ્થાન આપવામાં આવ્યું છે. હવે GPUaaS Frameworkના અમલીકરણથી આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્તંભને વ્યવહારુ સ્વરૂપ મળ્યું છે. હાઈ-પરફોર્મન્સ GPU કમ્પ્યુટિંગની કેન્દ્રિત સુવિધા ઉપલબ્ધ થવાથી મંજૂર AI અને ડેટા આધારિત ઉપયોગ-કેસ માટે જરૂરી કમ્પ્યુટિંગ ક્ષમતાનો ઉપયોગ વધુ સુવ્યવસ્થિત રીતે કરી શકાશે. સરકારી વિભાગોથી લઈને સરકારી શૈક્ષણિક સંસ્થાઓ અને પસંદગીના AI સ્ટાર્ટઅપ્સ સુધી આ વ્યવસ્થાનો વ્યાપ રાખવામાં આવ્યો છે.

આમ; ગુજરાતમાં હવે AI માટે માત્ર નીતિ અને આયોજન નહીં, પરંતુ તેને અમલમાં મૂકવા માટેનું સંયુક્ત, કેન્દ્રિત અને સંચાલિત કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તૈયાર થઈ ગયું છે. આ નિર્ણય તાત્કાલિક અસરથી અમલમાં આવ્યો છે.

# મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને ડીસાથી અંબાજી ૧૦૦ કિ.મી.ની 'પ્લાસ્ટિક મુકત સાઈકલ યાત્રા' યોજાઈ

**મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ સાઇકલ ચલાવી આપ્યો 'શ્રદ્ધાથી સ્વચ્છતા'નો પ્રેરક સંદેશ: ૧૨૦થી વધુ માઈભક્તોની અનોખી સાઇકલ-પદયાત્રા**

**ગ્રીન એન્ડ કલીન ગુજરાતના સંકલ્પ સાથે મંત્રીશ્રી અને માઈભક્તોએ સેવા કેમ્પોમાં બાયોડિગ્રેડેબલ થેલીઓનું વિતરણ કર્યું**




કમલમ્,આનંદ ઠક્કર

રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને ડીસાથી અંબાજી સુધીની આશરે ૧૦૦ કિલોમીટર લાંબી 'પ્લાસ્ટિક મુક્ત સાઈકલ યાત્રા' યોજાઈ હતી. મંત્રીશ્રીએ અંબાજી ખાતે પહોંચીને જગતજનની માઁ જગદંબાના દર્શન કર્યા હતા તથા ચાચર ચોક ખાતે ગરબામાં સહભાગી બન્યા હતા. ભાદરવી પૂનમના પાવન અવસરે મા અંબાના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતાની પ્રેરણા આપવા આ યાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં મંત્રીશ્રીએ પોતે ૧૦૦ કિ.મી. સાઈકલ ચલાવીને સમાજમાં પ્રદૂષણમુક્ત 'ગ્રીન મોબિલિટી' અને ફિટનેસ અંગે અનોખો ઉત્સાહ પૂર્યો હતો. આ પ્રસંગે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, શ્રદ્ધાથી સ્વચ્છતાના સંદેશ સાથે ડીસાના સૌ સાયકલિસ્ટ મિત્રો અને માઈભક્તો મા અંબાના ધામમાં આરાધના કરવા અને આશીર્વાદ મેળવવા નીકળ્યા હતા. આ યાત્રાનો મુખ્ય હેતુ ભક્તિ સાથે પર્યાવરણ પ્રત્યેની સામૂહિક જવાબદારી નિભાવવાનો છે. આ પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છ ભારત' અને ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને કૅબિનેટ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના 'ગ્રીન એન્ડ ક્લીન ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક સાર્થક પ્રયાસ સાબિત થઈ છે. યાત્રા દરમિયાન પ્લાસ્ટિકમુક્તિના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે ડીસાથી અંબાજી માર્ગ પર કાર્યરત વિવિધ સેવા અને ભક્તિ કેમ્પોમાં બાયોડિગ્રેડેબલ થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પ સંચાલકો તેમજ દર્શનાર્થે જઈ રહેલા પદયાત્રીઓને સિંગલ-યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવા, કચરાનો યોગ્ય નિકાલ કરવા અને પર્યાવરણમિત્ર વિકલ્પો અપનાવવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા, જેથી સમગ્ર યાત્રાધામ અને તેનો પવિત્ર માર્ગ સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત રહે. આ અનોખા જનઅભિયાનમાં મંત્રીશ્રીની સાથે આશરે ૬૦ સાઈકલ યાત્રિકો અને ૬૦ પદયાત્રિકો મળીને કુલ ૧૨૦થી વધુ માઈભક્તો જોડાયા હતા. આ પર્યાવરણલક્ષી અને સ્વાસ્થ્યવર્ધક પહેલમાં 'આઈએમએ (IMA) ગ્રુપ, ડીસા'નો પણ સક્રિય સહયોગ સાંપડ્યો હતો. શ્રદ્ધા, સ્વાસ્થ્ય અને પર્યાવરણ સુરક્ષાના અનોખા સમન્વય સમાન આ યાત્રાએ સમાજમાં "શ્રદ્ધા સાથે સ્વચ્છતા, યાત્રા સાથે જવાબદારી અને દરેક પગલે પર્યાવરણની કાળજી"નો સંદેશ સફળતાપૂર્વક પહોંચાડ્યો હતો.

# રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો હવે કોન્ફરન્સ રૂમથી આગળ વધીને લોકો સુધી પહોંચશે: અશ્વિની વૈષ્ણવ

**કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આગામી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો માટે રાજ્યોને તેમના શ્રેષ્ઠ પર્યટન સ્થળો રજૂ કરવા આમંત્રણ આપ્યું**



કમલમ્,


કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કાર્યક્રમોને પરંપરાગત સ્થળોથી આગળ લઈ જવા અને દેશભરના સ્થળો સાથે જોડવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત થઈને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને દેશના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળો પર લઈ જવામાં આવી રહ્યા છે. મીડિયા સાથે સંવાદ કરતા શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, "આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીથી પ્રેરિત થઈને અમે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને દેશના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળો પર લઈ જઈ રહ્યા છીએ." તેમણે કહ્યું કે એકતા નગરે વિશ્વભરમાં માન્યતા મેળવી છે અને તે સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનું ઘર હોવા સાથે અત્યંત આકર્ષક સ્થળ છે. તેમણે ઉમેર્યું કે જ્યારે ભારતના આદરણીય રાષ્ટ્રપતિ અને દેશભરમાંથી ભારતીય ફિલ્મ ઉદ્યોગની અગ્રણી હસ્તીઓ આવા પ્રખ્યાત પ્રવાસન સ્થળની મુલાકાત લેશે, ત્યારે તે વધુ લોકોને આ સ્થળ વિશે જાણવાની અને અનુભવવાની તક પૂરી પાડશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ પ્રયાસ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને કોન્ફરન્સ રૂમથી આગળ લઈ જવાનો અને પ્રવાસન દ્વારા તેને પ્રોત્સાહિત અને આગળ ધપાવવાની સાથે તેને લોકોની વધુ નજીક લાવવાનો છે. શ્રી અશ્વિની વૈષ્ણવે તમામ રાજ્યોને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન કરવા માટે તેમના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળોની ઓળખ કરીને પ્રસ્તાવ રજૂ કરવા આમંત્રણ આપ્યું હતું. તેમણે કહ્યું કે પ્રસ્તાવોમાં શ્રેષ્ઠ સુવિધાઓ તેમજ સ્થળના ૩૬૦-ડિગ્રી વિકાસ માટેની યોજના સામેલ હોવી જોઈએ. જે રાજ્યનો પ્રસ્તાવ પસંદ કરવામાં આવશે તે સૂચિત પ્રવાસન સ્થળ પર આગામી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન કરશે. મંત્રીશ્રીએ યાદ કર્યું કે જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૨૦ની અધ્યક્ષતા કરી હતી, ત્યારે તેના કાર્યક્રમો દેશના વિવિધ ભાગોમાં લઈ જવામાં આવ્યા હતા અને વિવિધ રાજ્યોમાં યોજવામાં આવ્યા હતા. ફિલ્મ અને પ્રવાસનને કેવી રીતે એકસાથે લાવી શકાય તે શોધવા માટેની એક મોટી વિચાર પ્રક્રિયાના ભાગરૂપે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને પણ દેશભરમાં લઈ જવામાં આવી રહ્યા છે. શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ફિલ્મ અને પ્રવાસનને એકસાથે લાવવાથી પ્રવાસન સ્થળને ફાયદો થશે તેમજ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો કોન્ફરન્સ રૂમથી આગળ વધીને દેશભરના વાસ્તવિક ભૌતિક સ્થળો સુધી પહોંચી શકશે.

# ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ એકતા નગર, ગુજરાત ખાતે ૭૨માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કર્યા

## દાદાસાહેબ ફાળકે પુરસ્કાર વિજેતા અનંત નાગે રાષ્ટ્રના અસંખ્ય લોકો તરફથી મળેલા અપાર પ્રેમ બદલ આભાર વ્યક્ત કર્યો





## રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના સમારોહને મુખ્ય પ્રવાસન સ્થળોએ લઈ જઈને ભારતની સાંસ્કૃતિક વિવિધતા પ્રદર્શિત કરાશેઃ શ્રી અશ્વિની વૈષ્ણવ

કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ૭૨ માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કર્યા અને તમામ પુરસ્કાર વિજેતાઓને તેમની પ્રતિભા, સમર્પણ અને સખત પરિશ્રમ માટે અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે ફિલ્મ નિર્માણએ એક સહયોગી પ્રયાસ છે અને એવોર્ડ વિજેતાઓને વિનંતી કરી કે તેઓ તેમની ટીમના દરેક સભ્ય સુધી તેમની પ્રશંસા પહોંચાડે જેમના યોગદાનથી એવોર્ડ વિજેતા ફિલ્મો શક્ય બની છે. રાષ્ટ્રપતિએ દાદાસાહેબ ફાળકે પુરસ્કાર પ્રાપ્તકર્તા શ્રી અનંત નાગને થિયેટર અને સિનેમામાં તેમના વિશિષ્ટ યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતીય સિનેમા દેશની વિવિધ ભાષાઓ, પરંપરાઓ, આકાંક્ષાઓ અને સંઘર્ષોને પ્રતિબિંબિત કરે છે. તેમણે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના સ્થળ તરીકે એકતા નગરની પસંદગીની પ્રશંસા કરી, જે ભારતની સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક છે. સર્જનાત્મક અર્થતંત્રમાં ગૌરવ અને સામાજિક સુરક્ષા માટે આહ્વાન કરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે કામદારો, નાના કલાકારો, સહાયકો અને સર્જનાત્મક સમુદાયના સંઘર્ષરત સભ્યો સન્માન અને સામાજિક સુરક્ષાને પાત્ર છે. તેમણે વ્યાપક માનવીય દ્રષ્ટિકોણ સુનિશ્ચિત કરવા માટે તમામ જ્યુરીમાં મહિલાઓની ભાગીદારીનું આહ્વાન પણ કર્યું હતું. લોકપ્રિય કલાકારોના પ્રભાવને પ્રકાશિત કરતા, ખાસ કરીને બાળકો અને યુવાનો પર, રાષ્ટ્રપતિએ સફળ કલાકારોને શિસ્તબદ્ધ જીવનશૈલીના ફાયદાઓને પ્રોત્સાહન આપવા અને સ્વાસ્થ્ય માટે હાનિકારક પદાર્થોનું સમર્થન કરવાનું ટાળવા માટે વિનંતી કરી. રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશમાં બની રહેલી ફિલ્મોની ગુણવત્તા તેમના વિશ્વાસને મજબૂત કરે છે કે ભારતીય સિનેમા વિશ્વસ્તરીય ધોરણો સ્થાપિત કરી શકે છે.

વાર્તાઓનું આયુષ્ય, સિનેમાનો વારસોઃ શ્રી અનંત નાગ દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ શ્રી અનંત નાગને પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર ૨૦૨૪ એનાયત કર્યો, ત્યારે આ ક્ષણે વાર્તા કહેવા, થિયેટર અને સિનેમા પ્રત્યેના તેમના આજીવન સમર્પણની ઉજવણી કરવામાં આવી હતી. આ સન્માને દાયકાઓથી ભારતીય સિનેમામાં તેમના યાદગાર પ્રદર્શન અને કાયમી યોગદાનને માન્યતા આપી. નમ્રતાપૂર્વક એવોર્ડનો સ્વીકાર કરતા, શ્રી અનંત નાગે તેમની સફરને આકાર આપનારા લોકો અને અનુભવો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. પોતાના પ્રારંભિક વર્ષોને યાદ કરતા, શ્રી અનંત નાગે કહ્યું કે તેઓ મુંબઈ મોકલવામાં આવ્યા તે પહેલાં એક આશ્રમમાં ઉછર્યા હતા, જ્યાં તેમને એક નાટકમાં અભિનય કરવાની તક મળી હતી. થિયેટર તેમની કારકિર્દીનો પાયો બન્યું, અને ફિલ્મોમાં પ્રવેશતા પહેલા તેમણે લગભગ ૫૦ નાટકોમાં પ્રદર્શન કર્યું. બાદમાં તેમને પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા શ્યામ બેનેગલ દ્વારા બનાવાયેલી ફિલ્મો સહિતની ફિલ્મોમાં કામ કરવાની તક મળી. શ્રી અનંત નાગે કહ્યું કે તેમણે સભાનપણે કન્નડ સિનેમા પસંદ કર્યું અને બેંગલુરુને તેમની કર્મભૂમિ બનાવી. ગયા વર્ષે માનનીય રાષ્ટ્રપતિ દ્વારા તેમને પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા તે યાદ કરીને, તેમણે આ વર્ષે ફરીથી રાષ્ટ્રપતિ તરફથી દાદાસાહેબ ફાળકે પુરસ્કાર મેળવવા બદલ ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

ગુજરાત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું સ્વાગત કરે છે

ગુજરાતમાં આ સમારોહે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની સફરમાં એક નવો અધ્યાય અંકિત કર્યો. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે દિલ્હી બહાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો યોજવાની પરંપરા શરૂ કરવા બદલ માહિતી અને પ્રસારણ મંત્રાલયનો આભાર વ્યક્ત કર્યો હતો, અને કહ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલના વારસા અને શક્તિ સાથે જોડાયેલા એકતા નગર, કેવડિયા ખાતે આ પ્રતિષ્ઠિત પુરસ્કારોનું આયોજન કરવું એ ગુજરાત માટે ગૌરવની વાત છે. ૭૨માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને સંબોધતા રાજ્યપાલે જણાવ્યું હતું કે ભારતીય સિનેમાએ દેશની વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિઓને સમૃદ્ધ બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમણે ફિલ્મ નિર્માતાઓને પ્રાકૃતિક ખેતી, તંદુરસ્ત જીવનશૈલી અને પર્યાવરણીય જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે અને પ્રેમ, ભાઈચારો અને રાષ્ટ્રીય એકતાના મૂલ્યોને મજબૂત કરવા સિનેમાનો ઉપયોગ કરવા વિનંતી કરી. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૭૨માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો માટે માનનીય રાષ્ટ્રપતિ અને પ્રતિષ્ઠિત મહેમાનોનું ગુજરાતમાં સ્વાગત કર્યું હતું, અને એકતા નગર ખાતે સમારોહના આયોજનને રાજ્ય માટે ગૌરવની બાબત ગણાવી હતી. તેમણે સિનેમાને સમાજનું પ્રતિબિંબ, સંસ્કૃતિનું વાહક અને માનવ લાગણીઓને જોડવાનું એક શક્તિશાળી માધ્યમ ગણાવ્યું હતું, જેમાં ભારતની વૈશ્વિક ઓળખ અને સોફ્ટ પાવરને મજબૂત કરવાની ક્ષમતા છે. ગુજરાતના સમૃદ્ધ વારસા, વિવિધ લેન્ડસ્કેપ્સ અને સાંસ્કૃતિક પરંપરાઓને પ્રકાશિત કરતા, તેમણે ભારતીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ નિર્માતાઓને શૂટિંગ માટે ગુજરાત પસંદ કરવા આમંત્રણ આપ્યું હતું અને આ પ્રતિષ્ઠિત સમારોહને રાજ્યમાં લાવવા બદલ માહિતી અને પ્રસારણ મંત્રાલયનો આભાર માન્યો હતો. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે એકતા નગર, કેવડિયા ખાતે ૭૨માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહની શોભા વધારવા બદલ માનનીય રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કર્યો હતો અને ભારતીય સિનેમામાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ તમામ એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીએ કહ્યું કે સિનેમા એ ટીમ પ્રયાસ છે અને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એવોર્ડ મેળવનારા અને પડદા પાછળ કામ કરનારા બંનેની કદર કરે છે. તેમણે ભારતીય સિનેમામાં તેમના અપ્રતિમ યોગદાન બદલ દાદાસાહેબ ફાળકે પુરસ્કાર પ્રાપ્તકર્તા શ્રી અનંત નાગની પણ પ્રશંસા કરી હતી. શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનો હેતુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મહત્વના પ્રવાસન સ્થળોએ સમારોહને લઈ જવાનો છે, જેથી ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને પ્રવાસનને પ્રોત્સાહન મળી શકે. તેમણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની ભવિષ્યની આવૃત્તિઓ માટેના સ્થળો તરીકે પ્રવાસન સ્થળોની પીચ કરવા આહ્વાન કર્યું હતું.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજીસ (IICT) ને એક નવા ટેલેન્ટ પુલ તરીકે રેખાંકિત કરતા, તેમણે કહ્યું કે ૧૩ અભ્યાસક્રમોમાં લગભગ ૩૮૦ વિદ્યાર્થીઓ પહેલાથી જ નોંધાયેલા છે, જેનો અભ્યાસક્રમ ઉદ્યોગ દ્વારા ડિઝાઈન અને સંચાલિત થાય છે. તેમણે વધુમાં માહિતી આપી હતી કે માનનીય પ્રધાનમંત્રીએ દેશભરમાં ૧૫,૦૦૦ ક્રિએટિવ લેબ્સને મંજૂરી આપી છે, જે યુવાનો માટે ઉભરતી ટેકનોલોજી શીખવા અને ભારતની વિવિધ સંસ્કૃતિને પ્રદર્શિત કરવાની નવી તકો ઊભી કરે છે. મંત્રીશ્રીએ ફિલ્મ નિર્માતાઓ અને સમગ્ર ફિલ્મ બિરાદરીને, પ્રસાર ભારતીના અધ્યક્ષ તરીકે શ્રી પ્રસુન જોશી સાથે, નાના શહેરોમાંથી કાચી પ્રતિભાને ઓળખવા, પોષવા અને પ્રોત્સાહિત કરવામાં મદદ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે સરકાર અને સર્જનાત્મક બિરાદરીના સંયુક્ત પ્રયાસો ભારતની અપાર સર્જનાત્મક ક્ષમતાને અનલોક કરવામાં અને ભારતીય પ્રતિભાને વિશ્વભરના પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં મદદ કરી શકે છે. તેમણે આવતા વર્ષે ઓક્ટોબરમાં યોજાનાર **WAVES 2027** માટે સૂચનો અને વિચારો પણ આમંત્રિત કર્યા હતા. માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ શ્રી ચંચલ કુમારે જણાવ્યું હતું કે ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં, ૩૪ ભાષાઓમાં ૪૦૦ ફીચર ફિલ્મો અને ૨૪ ભાષાઓમાં ૧૬૧ નોન-ફીચર ફિલ્મો પ્રાપ્ત થઈ હતી, જેમાં ૨૨ ફીચર ફિલ્મ અને ૨૩ નોન-ફીચર ફિલ્મ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ભારતીય સિનેમા સાંસ્કૃતિક અભિવ્યક્તિ અને વૈશ્વિક વાર્તા કહેવાના એક શક્તિશાળી માધ્યમ તરીકે સતત વધી રહ્યું છે. સચિવે જણાવ્યું હતું કે દિલ્હી બહાર એકતા નગર ખાતે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન કરવું એ સરદાર વલ્લભભાઈ પટેલના વિઝન અને રાષ્ટ્રીય એકતા પ્રત્યેની પ્રતિબદ્ધતાથી પ્રેરિત એક મહત્વપૂર્ણ પહેલ છે, અને આવનારા વર્ષોમાં આ સમારોહ અન્ય શહેરોમાં પણ યોજવાની કલ્પના કરવામાં આવી છે.

ઉત્કૃષ્ટતાની ઉજવણીઃ વાર્તાઓ, પ્રદર્શન અને ભારતીય સિનેમાના વિવિધ રંગો

લીડિંગ રોલમાં શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મામૂટી (ભ્રમયુગમ માટે) અને કાર્તિક આર્યન (ચંદુ ચેમ્પિયન માટે) વચ્ચે સંયુક્ત રીતે આપવામાં આવ્યો હતો, જ્યારે યામી ગૌતમને આર્ટિકલ ૩૭૦ માટે લીડિંગ રોલમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. સહાયક શ્રેણીઓમાં, સંજય મિશ્રાને ભક્ષક માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતા તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા, જ્યારે સાચના નમિદાસ (મહારાજા માટે) અને રૂપશ્રી વર્કાડી (મિથ્યા માટે) ને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એવોર્ડ સંયુક્ત રીતે મળ્યો હતો. આર્ટિકલ ૩૭૦ ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ તરીકે સન્માનિત કરવામાં આવી હતી, જ્યારે રણદીપ હુડાને તેમના નિર્દેશન ડેબ્યૂ, સ્વાતંત્ર્ય વીર સાવરકર માટે માન્યતા મળી હતી. કલ્કી **2898AD** ને શ્રેષ્ઠ લોકપ્રિય મનોરંજક ફિલ્મ **(Best Popular Film Providing Wholesome Entertainment)** તરીકે નામાંકિત કરવામાં આવી હતી, જ્યારે કેપ્ટન મિલરને રાષ્ટ્રીય, સામાજિક અને પર્યાવરણીય મૂલ્યોને પ્રોત્સાહન આપતી શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. રાજકુમાર પરિયાસામીને અમરન માટે શ્રેષ્ઠ નિર્દેશનનો એવોર્ડ મળ્યો હતો.

અનેક ભાષાઓ, એક રાષ્ટ્રીય મંચ

પુરસ્કારોએ ભારતીય સિનેમાની ભાષાકીય વિવિધતાને પણ રેખાંકિત કરી. બંધારણની આઠમી અનુસૂચિમાં નિર્દિષ્ટ ભાષાઓ ઉપરાંત, ગઢવાલી અને તુલુ સિનેમાને પણ રાષ્ટ્રીય માન્યતા મળી. **SC** ફાર્માકેમ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા નિર્મિત અને દિનેશ પી. ભોંસલે દ્વારા નિર્દેશિત ઢોલી **(Dholi)** ને શ્રેષ્ઠ ગઢવાલી ફિલ્મનો એવોર્ડ મળ્યો, જ્યારે પિચ્ચર સ્ટુડિયો દ્વારા નિર્મિત અને શિવધ્વજ શેટ્ટી દ્વારા નિર્દેશિત **IMBU** ને શ્રેષ્ઠ તુલુ ફિલ્મ તરીકે સન્માનિત કરવામાં આવી. રવિ રાજ મુર્મુ દ્વારા નિર્દેશિત સંથાલી ફિલ્મ અંગેન **(Angen)** ને ડિરેક્ટરની શ્રેષ્ઠ ડેબ્યૂ ફિલ્મનો એવોર્ડ મળ્યો. ગઢવાલી અને તુલુથી લઈને સંથાલી સુધી, આ સાંજે વિવિધ સિનેમેટિક અવાજોને એક રાષ્ટ્રીય મંચ પર લાવ્યા અને પુષ્ટિ કરી કે દરેક ભાષા ભારતના સિનેમેટિક તાણાવાણામાં એક નવી વાર્તા ઉમેરે છે.

ભારતીય સિનેમાની ઉજવણી

૭૨ મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોએ પ્રખ્યાત નામો, ઉભરતા અવાજો, લોકપ્રિય સિનેમા અને પ્રાદેશિક વાર્તાઓને એક રાષ્ટ્રીય મંચ પર લાવ્યા. એકતા નગર ખાતે, આ સાંજ સિનેમાની સાર્વત્રિક ભાષા દ્વારા અનેક ભાષાઓ, અસંખ્ય વાર્તાઓ અને વિવિધ સર્જનાત્મક પરંપરાઓ એકસાથે આવીને ભારતની સિનેમેટિક ભાવનાની ઉજવણી બની ગઈ.

# નર્મદા ભાજપમાં નવા નેતૃત્વ સાથે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીનું લક્ષ્ય

## શબ્દશરણ તડવીએ સંભાળ્યો જિલ્લા પ્રમુખનો પદભાર; નીલકુમાર રાવે શુભેચ્છા પાઠવી સંગઠન મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો



રાજપીપળા,

નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં મહત્વપૂર્ણ ફેરબદલ બાદ પૂર્વ મંત્રી અને પૂર્વ નાંદોદ ધારાસભ્ય શ્રી શબ્દશરણભાઈ તડવીની નર્મદા જિલ્લા ભાજપના નવા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ દ્વારા ૨૨ સપ્ટેમ્બરે નર્મદા સહિત ડાંગ અને ભરૂચ જિલ્લાના નવા પ્રમુખોની નિમણૂકની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

કમલમ ખાતે નવનિયુક્ત જિલ્લા પ્રમુખ શ્રી શબ્દશરણભાઈ તડવીએ પદભાર ગ્રહણ કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ તથા પૂર્વ નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નીલકુમાર રાવ ઉપસ્થિત રહ્યા હતા. બંને આગેવાનો વચ્ચે સંગઠનને વધુ મજબૂત બનાવવા અને આગામી સમયમાં પાર્ટીના સંગઠનાત્મક કાર્યોને નવી ગતિ આપવા અંગે ચર્ચા થઈ હતી. પદભાર ગ્રહણ પ્રસંગે શ્રી નીલકુમાર રાવે નવનિયુક્ત જિલ્લા પ્રમુખ શ્રી શબ્દશરણભાઈ તડવીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે ભાજપ એક કાર્યકર્તા આધારિત સંગઠન છે અને જવાબદારી બદલાય છે, પરંતુ સંગઠન તથા જનસેવા પ્રત્યેની નિષ્ઠા યથાવત્ રહે છે. આ પ્રસંગે નર્મદા જિલ્લા ભાજપના સંગઠનને વધુ સક્રિય અને મજબૂત બનાવવા સાથે આગામી ૨૦૨૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠનાત્મક કામગીરીને વેગ આપવાનો લક્ષ્યાંક પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યકર્તાઓને સાથે રાખીને બૂથ સ્તર સુધી સંગઠનને વધુ મજબૂત બનાવવા અને જનસંપર્ક વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. નવનિયુક્ત જિલ્લા પ્રમુખ શબ્દશરણભાઈ તડવી માટે સંગઠનને એકજૂથ રાખવું, કાર્યકર્તાઓ સાથે સંકલન વધારવું અને નર્મદા જિલ્લામાં પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવું મહત્વપૂર્ણ જવાબદારી બની રહેશે. તાજેતરના ફેરફાર બાદ નર્મદા ભાજપમાં નવા નેતૃત્વ સાથે સંગઠનાત્મક પ્રવૃત્તિઓને નવી દિશા મળવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ગુજરાતમાં નેશનલ હાઈવે અને સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે મંજૂરી માળખાને સુગમ બનાવવા NHAI એ SSNNL સાથે MoU પર હસ્તાક્ષર કર્યા

## MoUનો ઉદ્દેશ્ય આંતર-વિભાગીય સમન્વયને મજબૂત કરવાનો, ઝડપી મંજૂરીઓને સરળ બનાવવાનો અને નેશનલ હાઈવે તથા સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્બાધ અમલીકરણ સુનિશ્ચિત કરવાનો છે

કમલમ્,

આંતર-એજન્સી સમન્વયને મજબૂત કરવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને ઝડપી બનાવવા માટે, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL) એ સમગ્ર ગુજરાત રાજ્યમાં નેશનલ હાઈવે, કેનાલ અને પાઈપલાઈન ક્રોસિંગ માટે મંજૂરીઓ આપવા માટે એક સરળીકૃત અને સમયબદ્ધ માળખું સ્થાપિત કરવા માટે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા. ઈ નો ઉદ્દેશ્ય આંતર-વિભાગીય સમન્વયને મજબૂત કરવાનો, ઝડપી મંજૂરીઓને સરળ બનાવવાનો અને નેશનલ હાઈવે તથા સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્બાધ અમલીકરણ સુનિશ્ચિત કરવાનો છે. ઈ પર પ્રાદેશિક અધિકારી-ગાંધીનગર, NHAI અને મુખ્ય ઈજનેર (QC, Tech. & CPC), SSNNL દ્વારા ગાંધીનગર, ગુજરાત ખાતે SSNNL ના નિયામકો અને અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ MoU ની એક મુખ્ય વિશેષતા એ કરાર હેઠળ આવરી લેવાયેલા તમામ નેશનલ હાઈવે, કેનાલ અને પાઈપલાઈન ક્રોસિંગ માટે NHAI અને SSNNL દ્વારા વિવિધ ફી, શુલ્ક (charges) અને અન્ય લેવીસ (levies) ની પરસ્પર માફી છે. આ જોગવાઈ પ્રોજેક્ટ ખર્ચ ઘટાડવામાં, નિવારી શકાય તેવી વ્યવહારિક અડચણોને દૂર કરવામાં અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની ગતિને ઝડપી બનાવવા માટે સરકારી ભંડોળના ઉપયોગને શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરશે. આ MoU પ્રોજેક્ટ માહિતીનું વહેલું આદાન-પ્રદાન, પ્રમાણભૂત ઈજનેરી પદ્ધતિઓનો સ્વીકાર તેમજ ક્રોસિંગ સ્ટ્રક્ચર્સના નિર્માણ અને જાળવણી માટે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત જવાબદારીઓ માટેનું એક માળખું પણ રજૂ કરે છે. આ પગલાં વધુ સારા પ્રોજેક્ટ આયોજનને સરળ બનાવશે અને ગુણવત્તા અને કામગીરીની ક્ષમતાના ઉચ્ચ ધોરણોનું પાલન સુનિશ્ચિત કરશે. આ MoU NHAI અને SSNNL વચ્ચે વધુ ગાઢ સમન્વયને પ્રોત્સાહન આપીને ગુજરાતમાં સંકલિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આયોજનને પ્રોત્સાહિત કરવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન દર્શાવે છે. આ સહયોગી માળખું ગુજરાતમાં નેશનલ હાઈવે અને સિંચાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બંને પ્રોજેક્ટ્સના અમલીકરણને ઝડપી બનાવશે, જ્યારે કાર્યક્ષમતા, અમલીકરણની સમયમર્યાદામાં સુધારો કરશે અને પ્રોજેક્ટ અમલીકરણ સાથે સંકળાયેલા એકંદર નાણાકીય બોજને ઘટાડશે. ઝડપી મંજૂરીઓને સક્ષમ કરીને અને સમન્વયને મજબૂત બનાવીને, MoU વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની NHAI ની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે જે માત્ર કનેક્ટિવિટી જ નહીં પરંતુ આર્થિક વિકાસને પણ ટેકો આપે છે.



# સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ, MHW Rankings 2026મા Titanium+ સન્માન

## માનસિક સ્વાસ્થ્ય અને કલ્યાણ ક્ષેત્રે "Compassionate Learning & Resilience"ની પ્રતિષ્ઠિત માન્યતા



કમલમ્,વિસનગર

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી (SPU), વિસનગરને **R. World Institutional Ranking** દ્વારા જાહેર કરવામાં આવેલા **MHW Rankings 2026**માં મહત્વપૂર્ણ રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ છે. યુનિવર્સિટીનો ભારતની **50 Select Institutions of Compassionate Excellence**માં સમાવેશ કરવામાં આવ્યો છે અને તેને પ્રતિષ્ઠિત **Titanium+ બેન્ડ – "An Institution of Compassionate Learning & Resilience"**થી સન્માનિત કરવામાં આવી છે. આ માન્યતા યુનિવર્સિટી સમુદાયમાં માનસિક સ્વાસ્થ્ય, સુખાકારી, ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા, સર્વસમાવેશકતા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે **SPU** દ્વારા કરવામાં આવતા સતત સંસ્થાકીય પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. **MHW Rankings**માં માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીના ક્ષેત્રમાં સંસ્થાકીય જોડાણ તથા સહાયક શૈક્ષણિક પરિસર વિકસાવવા માટેના પ્રયાસોને માન્યતા આપવામાં આવે છે. **SPU** નો ૫૦ પસંદગીની સંસ્થાઓમાં સમાવેશ યુનિવર્સિટીના એવા શૈક્ષણિક અભિગમને પ્રતિબિંબિત કરે છે, જેમાં વિદ્યાર્થીઓના વિકાસને માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ પૂરતો મર્યાદિત રાખવામાં આવતો નથી. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની **Internal Quality Assurance Cell (IQAC)** યુનિવર્સિટીના ગુણવત્તા સુધારણા માળખાને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વ્યવસ્થિત ગુણવત્તા પહેલો, સતત સુધારણા પ્રક્રિયાઓ, સંસ્થાકીય સમીક્ષા, હિતધારકોની ભાગીદારી અને ગુણવત્તા આધારિત પ્રવૃત્તિઓ દ્વારા **IQAC** વિદ્યાર્થીકેન્દ્રિત, સર્વસમાવેશક અને સહાયક શૈક્ષણિક વાતાવરણના વિકાસમાં યોગદાન આપે છે. આ સિદ્ધિ અંગે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલે જણાવ્યું હતું કે આ માન્યતા એવા શૈક્ષણિક અભિગમ પ્રત્યેની યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જેમાં શૈક્ષણિક શ્રેષ્ઠતા, વિદ્યાર્થી સુખાકારી અને સર્વાંગી વિકાસને સંસ્થાકીય પ્રગતિના અભિન્ન ભાગ તરીકે જોવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઉચ્ચ શિક્ષણનું અર્થપૂર્ણ વાતાવરણ વિદ્યાર્થીઓને શૈક્ષણિક, વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસ માટે તકો પૂરી પાડવાની સાથે આત્મવિશ્વાસ, સ્થિતિસ્થાપકતા, સર્વસમાવેશકતા અને સુખાકારીને પ્રોત્સાહન આપે તેવું હોવું જોઈએ. યુનિવર્સિટીની ગુણવત્તા સુધારણા પ્રક્રિયામાં શૈક્ષણિક અને વહીવટી પ્રક્રિયાઓની સાથે વિદ્યાર્થીઓના સમગ્ર અનુભવને વધુ સારો બનાવવા માટેની વિવિધ પહેલોનો પણ સમાવેશ થાય છે. આ માન્યતા યુનિવર્સિટી સમુદાયના સામૂહિક પ્રયાસોથી સકારાત્મક અને અનુકૂળ શૈક્ષણિક વાતાવરણ વિકસાવવાની દિશામાં થયેલા કાર્યની નોંધપાત્ર માન્યતા છે. આ સિદ્ધિ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની સંસ્થાકીય શ્રેષ્ઠતા, ગુણવત્તા સુધારણા, સર્વસમાવેશક શિક્ષણ, વિદ્યાર્થી સુખાકારી અને સર્વાંગી વિકાસ તરફની સતત યાત્રામાં વધુ એક નોંધપાત્ર સીમાચિહ્ન છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028